GJVD040000622025

| | | | | |
|---|---|---|---|---|
| દાખલ કર્યા તારીખ | : ૦૬.૦૧.૨૦૨૫ | | | |
| રજિ.કર્યા તારીખ | : ૦૬.૦૧.૨૦૨૫ | | | |
| ફેસલ કર્યા તારીખ | : ૦૧.૦૭.૨૦૨૬ | | | |
| સમયગાળો | : **વર્ષ** | **માસ** | **દિવસ** | |
| | **૦૧** | **૦૫** | **૨૫** | |

सत्यमेव जयते

---

**મે. પાદરાના એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટ સમક્ષ, મુ.પાદરા, જિ.વડોદરા.**

---

**ફોજદારી કેસ નં.૪૯/૨૦૨૫**
**આંકઃ– ૧૩**

**ફરિયાદીઃ– શ્રી સરકાર**
**(રામજીતકુમાર કુલદીપ શર્મા)**
(વડુ પો.સ્ટે.પાર્ટ "એ"ગુ.ર.નં.૧૧૧૯૭૦૦૩૨૪૦૬૮૯)

**વિરૂધ્ધ**

**આરોપીઃ– હર્ષિલભાઈ ભરતભાઈ વેગરા**
ઉ.વઃ–૨૭, ધંધોઃ–મજૂરી
રહે.૬૬, નારાયણ ગ્રીન્સ, સમા સાવલી રોડ,
વડોદરા શહેર

**ગુન્હોઃ–બી.એન.એસ.કલમ– ૧૧૫(૨), ૨૯૬(બી), ૩૫૧(૨) તથા જી.પી.એક્ટની કલમ–૧૩૫ મુજબ.**

ફરિયાદપક્ષ તર્ફે વિ.એ.પી.પી.શ્રી એચ. એ. પ્રજાપતિ
આરોપી તર્ફે વિ.વ.શ્રી ડી.સી.ચૌહાણ

**–:JUDGMENT:–**
**(Delivered on Dt.01/07/2026)**

(૧) બનાવની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૧૯/૦૯/૨૦૨૪ ના કલાક ૧૧/૧૫ વાગે મોજે મોભારોડ થી

મોભાગામ તરફ જતા રોડ ઉપર આ કામના ફરીયાદી પોતાની ફોરવ્હીલ ગાડી નં. જીજે–૦૬–પીએચ–૩૦૧૨ ની લઈ, પાદરા તાલુકાના મુવાલ ચોકડીથી આગળ કન્ટ્રકશન માટે નવી સાઈટ જોવા માટે જતા હતા. તે વખતે આરોપીએ ફરિયાદીની ફોરવ્હીલ ગાડી આગળ પોતાની ફોરવ્હીલ ગાડી ઉભી રાખી. ફરિયાદીની ગાડીને દરવાજે જોરથી ધકકો મારી, ફરિયાદીને કહેવા લાગેલ કે, તુ બહાર નીકળ તેમ કહેતા ફરિયાદી ગાડીની બહાર નીકળતા. ફરિયાદીને કહેવા લાગેલ કે, તુ મને મારા સિમેન્ટના મટીરીયલ્સના પૈસા હમણા હમણા જ આપ તેમ કહી ફરિયાદીને ધક્કો મારી નીચે પાડી દઇ. તેમજ ગમે તેવી બિભત્સ ગાળો આપી, ગાડીમાંથી લોખંડની સ્ટીક બહાર કાઢી ફરિયાદીને માથામાં કપાળના ભાગે જમણી બાજુ તથા બંને હાથે હથેળીના ભાગે લોખંડની સ્ટીક મારી ઈજા પહોંચાડી. મે. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ સાહેબશ્રીના જાહેરનામાનો ભંગ કરી ગુનો કરતાં, તે અંગે વડુ પોલીસ સ્ટેશનમાં ગુન્હો રજિસ્ટર થતાં, તપાસ કરનાર અમલદારે ફરિયાદીની તપાસ મળતાં, તેઓએ લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધી, જરૂરી પંચનામા કરી, તપાસને અંતે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો મળી આવાતા અત્રેની અદાલતમાં આરોપી વિરૂધ્ધ **બી.એન.એસ.કલમ– ૧૧૫(૨), ૨૯૬(બી), ૩૫૧(૨) તથા જી.પી.એક્ટની કલમ–૧૩૫ મુજબ** ગુના સબબનું ચાર્જશીટ વડુ પો.સ્ટે.પાર્ટ "એ" ગુ.ર.નં.૧૧૧૯૭૦૦૩૨૪૦૬૮૯ /૨૦૨૪ થી અત્રેની અદાલતમાં દાખલ કરેલ છે.

(૨) આ કામે ફરિયાદીની ફરિયાદને અનુસંધાને નામદાર કોર્ટમાં ચાર્જશીટ રજૂ થતાં, આ કામના આરોપીને ધોરણસરના સમન્સની બજવણી કરવામાં આવેલ છે. આ કામના આરોપી તેમના વિ. વકીલશ્રી મારફતે નામદાર કોર્ટમાં હાજર થતાં, તેઓને તેમની ચાર્જશીટ તેમજ ચાર્જશીટ સાથેના તમામ કાગળોની નકલ વિના મૂલ્ય મળી ગયેલાની ખાતરી કર્યા બાદ આરોપીની સામે આંક–૦૩ થી તહોમતનામું ફરમાવવામાં આવેલ છે તથા આરોપીની આંક–૦૪ થી નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં આરોપીએ તેમની સામેના આક્ષેપિત ગુનો કબૂલ કરેલ ન હોય, સદર કામ ફરિયાદપક્ષના પુરાવા માટે મુલત્વી રાખવામાં આવેલ છે.

(૩) આ કામે ફરિયાદપક્ષ તરફથી નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે.

**<u>ફરિયાદપક્ષનો મૌખિક પુરાવોઃ–</u>**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરિયાદી રામજીતકુમાર કુલદીપ શર્માની સોગંદ ઉપરની જુબાની | ૦૭ |

**<u>ફરિયાદપક્ષનો દસ્તાવેજી પુરાવોઃ–</u>**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરિયાદ | ૦૮ |
| ૨. | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૦૯ |
| ૩. | શરીરસ્થિતિ તથા મુદ્દામાલ રિકવરીનું પંચનામું | ૧૦ |

| | | |
|---|---|---|
| ૪. | એમ.એલ.સી. ઈન્જરી સર્ટિફિકેટ | ૧૧ |
| ૫. | ઈન્જરી સર્ટિફિકેટ | ૧૨ |

(૪) આ કામે ઉપરોક્ત પુરાવા સિવાય ફરિયાદપક્ષે વિશેષ કોઈ પુરાવા રજૂ કરવામાં આવેલ નથી. રજૂ થયેલ પુરાવાને ધ્યાને લેતાં, આરોપીનું સી.આર.પી.સી.ની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમાં ફરિયાદપક્ષનો પુરાવા આરોપીને રૂબરૂ અને સાંભળતા લેવામાં આવ્યો હોવાનું આરોપીએ કબૂલ કરે છે. જ્યારે તે સિવાયના સવાલોના જવાબમાં ખોટી વાત છે અને તેઓ બચાવપક્ષના સાહેદો તપાસવા માંગતા ન હોવાનું અને સોગંદ ઉપર જુબાની આપતા ન હોવાનું જણાવે છે. વિશેષમાં તેઓ જણાવે છે કે, તેઓ નિર્દોષ  છે તથા તેમની વિરૂધ્ધ પુરતો પુરાવો ન હોવા છતાં ખોટું ચાર્જશીટ કરેલ હોવાનું જણાવેલ છે.

(૫) આ કામે ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીની મૌખિક દલીલો સાંભળી. તેઓએ તેમની રજુઆતમાં જણાવેલ છે કે, ફરીયાદપક્ષે રજુ થયેલા પુરાવાને ધ્યાને લેતા, ફરીયાદપક્ષ આરોપી સામેનો આક્ષેપિત ગુનો પુરવાર કરી શકેલ હોય, આ કામના આરોપીને તકસીરવાન ઠરાવવા યોગ્ય તે હુકમ કરવા રજુઆત કરેલ છે.

જયારે આ કામે બચાવપક્ષે તેમની મૌખિક દલીલોમાં જણાવેલ છે કે, આરોપીની સામે કહેવાતા આક્ષપિત ગુનાના આવશ્યક તત્ત્વો પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ રહેલ હોય, આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા રજુઆત કરેલ છે.

(૬) ઉપરોકત હકીકતે આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**:: મુ દ્દા ::**

**મુદ્દા નં.૧** શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તા.૧૯/૦૯/૨૦૨૪ ના કલાક ૧૧/૧૫ વાગે મોજે મોભારોડ થી મોભાગામ તરફ જતા રોડ ઉપર, આ કામના ફરીયાદી પોતાની ફોરવ્હીલ ગાડી નં. જીજે–૦૬–પીએચ–૩૦૧૨ ની લઈ, પાદરા તાલુકાના મુવાલ ચોકડી થી આગળ કન્ટ્રકશન માટે નવી સાઈટ જોવા માટે જતા હતા. તે વખતે આરોપીએ ફરિયાદીની ગાડી આગળ પોતાની ફોરવ્હીલ ગાડી ઉભી રાખી. ફરિયાદીની ગાડીને દરવાજે જોરથી ધકકો મારી, ફરિયાદીને કહેવા લાગેલ કે, તુ બહાર નીકળ તેમ કહેતા ફરિયાદી ગાડીની બહાર નીકળતા. ફરિયાદીને કહેવા લાગેલ કે, તુ મને મારા સિમેન્ટના મટીરીયલ્સના પૈસા હમણા હમણા જ આપ તેમ કહી ફરિયાદીને ધક્કો મારી નીચે પાડી દઇ. તેમજ ગમે તેવી બિભત્સ ગાળો આપી, ગાડીમાંથી લોખંડની સ્ટીક બહાર કાઢી ફરિયાદીને માથામાં કપાળના ભાગે જમણી બાજુ તથા બંને હાથે હથેળીના ભાગે લોખંડની સ્ટીક

મારી ઈજા પહોંચાડી. તેમજ મે. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીના જાહેરનામાનો ભંગ કરી, **બી.એન. એસ.ની કલમ– ૧૧૫(૨), ૨૯૬(બી), ૩૫૧ (૨) તથા જી.પી.એક્ટની કલમ–૧૩૫** મુજબનો ગુનો કરેલ છે ?

**મુદ્દા નં. ૨** શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓ સબબ મારા નિર્ણયો તથા તે માટેના વિગતવારના કારણો નીચે મુજબ છે:

**–: મુદ્દા અંગેના નિર્ણયો :–**

**મુદ્દા નં. ૧** નકારમાં,

**મુદ્દા નં. ૨** આખરી હુકમ મુજબ.

**–: નિર્ણયો અંગેના કારણો :–**

આ કામે ઉપર જણાવેલ મુદ્દાઓના જે જવાબ આપવામાં આવેલ છે તેના કારણોની ચર્ચા નીચે મુજબ કરવામાં આવેલ છે.

(૮) આ કામે ફરિયાદપક્ષે આરોપીઓ સામેનો આક્ષેપિત ગુનો પુરવાર કરવા માટે **આંક–૦૭ થી ફરિયાદી રામજીતકુમાર કુલદીપ શર્માને** સોગંદ ઉપર તપાસેલા છે. તેમની જુબાની વિગતે ધ્યાને લેતાં, તેઓ જણાવે છે કે, કહેવાતો બનાવ આશરે એકાદ વર્ષ પહેલા બનેલ ત્યારે તેઓ તેમની ગાડી નં જીજે–૦૬–પીએચ–૩૦૧૨ લઈને પાદરા થી મુવાલ સાઈટ જોવા જતા હતા, તે વખતે મોભા રોડથી મોભા ગામ

જતાં રોડ ઉપર બનેલ હોવાનું જણાવે છે. તેઓ જણાવે છે કે, તે સમયે એક ગાડીવાળા તેઓની સાથે સામાન્ય બોલાચાલી કરેલ અને તેઓ તે ભાઇને ઓળખે છે. તેઓ જણાવે છે કે, તેઓને તેમની સાથે પૈસાની લેવડ દેવડ બાબતે બોલાચાલી થયેલ હતી. તે સિવાય કઇ બનેલ નથી. આમ, આ બનાવ બાબતે તેઓએ આવેશમાં આવી બનાવની ફરિયાદ આપેલ. તેઓને ફરિયાદ બતાવતા, જેમાં તેઓ તેમની સહી ઓળખી બતાવેલ છે. જે ફરિયાદ આંક–૦૮ થી રજૂ રાખેલ છે. તેમજ તેઓએ આરોપીને ઓળખી બતાવેલ છે. જેથી સદર સાહેદ કે જેઓ આ કામના ફરિયાદી હોય તેમની ફરિયાદ હકીકતને તેઓ સમર્થન કરતા ન હોય ફરિયાદપક્ષના વિદ્વાન એ.પી.પી.શ્રીએ તેમને ફરી ગયેલા જાહેર કરી નામદાર કોર્ટની પરવાનગી મેળવી ઉલટતપાસમાં પૂછી શકાય તેવા વિગતવારના સવાલો પૂછેલ છે. પરંતુ, ફરિયાદ હકીકતને સમર્થન કરતી કોઈ જ હકીકત તેવો રેકર્ડ ઉપર લાવી શકતા નથી.

વધુમાં, બચાવપક્ષે પણ કરવામાં આવેલ ઉલટતપાસમાં હકીકતે બનાવમાં માત્ર સામાન્ય બોલાચાલી થયેલી હોવાનું કબૂલ કરેલ છે. તેઓએ સ્વીકાર કરેલ છે કે, તેઓને આ કામના આરોપીએ લોખંડની સ્ટીક મારેલ હોય, તેવું બનેલ નથી તથા આરોપીએ તેઓને જાનથી મારી નાખવાની ધમકી આપેલ ન હોવાનું જણાવેલ છે.તેઓએ સ્વીકાર કરેલ છે કે, તેઓને આરોપી સાથે સમાધાન થઈ ગયેલ હોવાનું જણાવે છે. જેથી આરોપીઓ સામેનો આક્ષેપિત ગુનો માની

શકાય તેવો લેશમાત્ર પુરાવો આ સાહેદની જુબાનીથી મળી આવતો નથી.

(૯) વધુમાં, આ કામે બચાવપક્ષે આંક–૦૯ થી ગુનાવાળી જગ્યાનું પંચનામું તથા આંક–૧૦ થી શરીરસ્થિતિ તથા મુદ્દામાલ રિકવરીનું પંચનામું તથા આંક–૧૧ થી એમ.એલ.સી. સર્ટિફિકેટ તથા આંક–૧૨ થી ઈન્જરી સર્ટિફિકેટને અંકે આપવા સામે બચાવપક્ષે વાંધો ન હોય, અંકે આપવામાં આવેલ છે. પરંતુ, જ્યારે ફરિયાદી તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જ કહેવાતા આરોપીએ તેમને માર મારેલ હોય કે ગાળો આપેલ હોય કે જાનથી મારી નાખવાની ધમકી આપેલાનો ઈન્કાર કરેલ હોય, તેવા સંજોગોમાં માત્ર દસ્તાવેજી પુરાવાઓને આધારે આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી.જેથી રજુ થયેલ તમામ પુરાવાઓને ધ્યાને લેતા, ફરિયાદપક્ષ આરોપી સામે આક્ષેપાયેલ ગુનાના આક્ષેપિત તત્ત્વો નિઃશંકપણે સાબિત કરી શકેલ ન હોય, જેથી **મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી, મુદ્દા નં.૨** અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## –:: આખરી હુકમ ::–

(૧) આ કામના **હર્ષિલભાઈ ભરતભાઈ વેગરા** રહે.૬૬, નારાયણ ગ્રીન્સ, સમા સાવલી રોડ,વડોદરા શહેર નાઓને ક્રિમિનલ પ્રોસિજર કોડની કલમ–૨૫૫(૧) હેઠળ **બી.એન.એસ.ની કલમ– ૧૧૫(૨), ૨૯૬(બી), ૩૫૧(૨) તથા જી.પી. એક્ટની કલમ–૧૩૫** મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી શંકાનો

લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીઓએ ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) પ્રમાણે અપીલ સમય સુધીના રૂા.૫,૦૦૦/–ના સધ્ધર જામીન તથા જાત મુચરકા રજુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આરજરોજ તા. ૧ લી, માહે જુલાઇ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્રી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ. ૦૧/૦૭/૨૦૨૬
સ્થળ. પાદરા

**(વિજયસિંહ ભાવસિંહ ચૌહાણ)**
એડિ. ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ
પાદરા, જિ.વડોદરા
કોડ નં. જીજે૦૧૦૪૫

*// k.k.koradiya //*